# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭

**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬

**Fax** : (0261) 2227312 **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨

**Gram** : VNSGU **તાર** : વીએનએસજીયુ

**website :** www.vnsgu.ac.in


**ખાનગી** **સિન્ડિકેટની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૨૨–૧૧– ૨૦૧૦**

સિન્ડિકેટની તાકીદની સભા સોમવાર, તા. ૨૨ – ૧૧ – ૨૦૧૦ ના રોજ સવારે ૧૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૨૨ – ૧૧ – ૨૦૧૦ |
|---|---|---|
| ૧. | ડૉ. બી. એ. પ્રજાપતિ (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ––– | ––– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૭. | આ. ડૉ. કિશોરકુમાર નટવરસિંહ ચાવડા | હાજર |
| ૮. | શ્રી વાસદિયા કિરિટસિંહ જશવંતસિંહ | હાજર |
| ૯. | –––– | ––– |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | ગેરહાજર |
| ૧૨. | શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા | હાજર |
| ૧૩. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૪. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | ગેરહાજર |
| ૧૫. | ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૬. | આ. ડૉ. વિપીનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૧૭. | શ્રી દિનેશભાઈ દેવશીભાઈ દાસા | ગેરહાજર |
| ૧૮. | ડૉ. ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |
| ૧૯. | ડૉ. વિક્રમભાઈ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૨૦. | ડૉ. મોહિનીબેન ગઢિયા | હાજર |

૧. નામદાર વડી અદાલતના ડિવિઝન બેન્ચના ડાયરેકશન મુજબ ધ બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી, ભરૂચ સંચાલિત સૂચિત વેલ્ફેર ઈન્સ્ટિટયૂટ ઓફ ડેન્ટલ એન્ડ અલાઈન્ડ સાયન્સીસ, ભરૂચની શૈક્ષણિક વર્ષ : ૨૦૧૧–૨૦૧૨ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બેચલર ઓફ ડેન્ટલ સર્જરી (બી.ડી.એસ.)નું નવું જોડાણ માટેની જોડાણઅરજી પ્રસ્તુત સોસાયટીના પ્રમુખશ્રીએ તેમના તા.૨૯ – ૯ – ૨૦૧૦ના પત્રથી યુનિવર્સિટી કાર્યાલયને મોકલી છે જોડાણ અરજી સાથે ઓર્ડિનન્સ–૬૬ (૨) (બી) મુજબ અરજી ફી રૂા.૧૦,૦૦,૦૦૦/– તથા પ્રોસેસિંગ ફી રૂા.૧૦,૦૦૦/– હિસાબી વિભાગમાં ડીમાન્ડ ડ્રાફટથી અનુક્રમે રસીદ નં. ૩૩૬૩૫૧ અને ૩૩૬૩૫૩થી જમા કરાવી છે, કોર્ટની આગામી સુનાવણી તા. ૨૬ – ૧૧ – ૨૦૧૦ના રોજ હોઈ તે અંગે જરૂરી કાર્યવાહી કરવા પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૧૧ – ૧૨ના શૈક્ષણિક વર્ષ માટેની જોડાણ અરજીઓ સ્વીકારવાની અંતિમ મુદત તા. ૩૦ – ૯ – ૨૦૧૦ ના રોજની હતી અને એ મુદત સુધીમાં આવેલ તમામ અરજીઓ ઉપર પ્રોસેસ શરૂ કરવામાં આવનાર છે પરંતુ નામદાર વડી અદાલતના ડિવિઝન બેન્ચના ડાયરેકશન મુજબ ધ બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી, ભરૂચ સંચાલિત સૂચિત વેલ્ફેર ઈન્સ્ટિટયુટ ઓફ ડેન્ટલ એન્ડ અલાઈડ સાયન્સીસ, ભરૂચની શૈક્ષણિક વર્ષ : ૨૦૧૧ – ૧૨ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બેચરલ ઓફ ડેન્ટલ સર્જરી ( બી. ડી. એસ.) નું નવું જોડાણ માટે જોડાણ અરજી તાકીદની આ સભામાં તાકીદે હાથ ઉપર લઈ વિચારણા કરી નીચેના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નિમવામાં આવે છે.**

**(૧) ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, (ડીનશ્રી, મેડીકલ ફેકલ્ટી અને સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ. એસ. કે. બાજપાઈ (ડીનશ્રી, સરકારી મેડીકલ કોલેજ, સુરત)**
**(૩) ડૉ. બાબુભાઈ પરમાર (ડીનશ્રી, સરકારી ડેન્ટલ કોલેજ, અમદાવાદ)**
**(૪) ડૉ. કે. એમ. ભટ્ટ (મેડીકલ ફેકલ્ટીના એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિશ્રી)**
**(૫) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૬) આ. ડૉ. વી. ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત સ્થાનિક તપાસસમિતિ તાકિદે તા. ૨૪ – ૧૧ – ૨૦૧૦ના રોજ ૧૧ : ૦૦ કલાકે સંસ્થાની મુલાકાત લઈ જે રીપોર્ટ આપશે તે રીપોર્ટ સંદર્ભે ધ સાઉથ ગુજરાત યુનિવર્સિટી એકટ, ૧૯૬૫ ચેપ્ટર – ૬ કલમ નં. ૩૪ પેટાકલમ નં. (૩) મુજબ કાર્યવાહી કરવા સ્થાનિક તપાસસમિતિનો રીપોર્ટ આગામી તા. ૨૯ – ૧૧– ૨૦૧૦ના રોજ મળનાર એકેડેમિક કાઉન્સિલની સભામાં વિચારણા માટે મૂકવો અને ત્યાર બાદ એકેડેમિક કાઉન્સિલની ભલામણ આગામી માસમાં મળનાર સિન્ડિકેટની સભામાં આખરી નિર્ણય માટે મૂકવી.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ – ૧ (૧)/ ૧૨૦૦૧ /૨૦૧૦. **કુલસચિવ**
તા. ૨૩ – ૧૧ – ૨૦૧૦.
પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......**